RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 192, Dt.28-10-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વડાપ્રધાન મોદીના હસ્તે ૪૮૦૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત - લોકાર્પણ

## લાઠીના ગાગડીયા નદી પરનાં ભારત માતા સરોવરનું લોકાર્પણ : સૌરાષ્ટ્રના મોરબી, જામનગર, અમરેલી સહિત ૮ જિલ્લાનાં પાણી સહિત ૨૮૦૦ કરોડના ૧૬૦૦ જેટલા વિકાસ કામોની ભેંટ આપશે

**મુખ્ય સમાચાર, તેલઅવિવ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાત વર્ષ બાદ આજે બપોરના સમયે અમરેલી જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ અમરેલી જિલ્લા લાઠી ખાતેથી રૂપિયા ૪૮૦૦ કરોડથી પણ વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન મોદી અમરેલી જિલ્લાના લાઠી ખાતેથી રૂપિયા ૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં રૂપિયા ૧૧૨ કરોડના કાર્યોનું ખાતમુહુર્ત અને રૂપિયા ૬૪૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.

આ વિકાસકાર્યોમાં બોટાદ જિલ્લા માટે નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ-૨ના કામોના ખાતમુહુર્તનો સમાવેશ થાય છે.

નાવડાથી ચાવંડ બલ્ક પાઈપ લાઈન પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લાભાર્થીઓને વધારાનું ૨૮ કરોડ લીટર પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.

જ્યારે, ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની સ્કીમો હેઠળ જિલ્લાના મહુવા, તળાજા અને પાલીતાણા તાલુકાના ૯૫ ગામોને આવરી લેવામાં આવ્યા છે, જેની વસ્તી લગભગ ૨.૭૫ લાખ લોકોની છે.

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (ડડડ) મોડલ અન્વયે ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા રૂપિયા ૩૫ કરોડના ખર્ચે લાઠીના દુધાળા ખાતે હેતની હવેલી પાસે ભારતમાતા




સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વોટરશેડ ડિપાર્ટમેન્ટ હસ્તકના ૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહ શક્તિ ધરાવતા ચેકડેમને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ઊંડો કરવામાં આવ્યો છે, તેની પહોળાઈ પણ વધારવામાં આવી છે, અને ચેકડેમની બંને બાજુએ માટી નાખીને તેની મજબૂતાઈમાં વધારો કરવામાં આવ્યો છે. તેના પરિણામે ચેકડેમની પાણીની સંગ્રહશક્તિમાં ૨૦ કરોડ લીટરનો વધારો થયો છે. આ ચેકડેમને ભારતમાતા સરોવર નામ આપવામાં આવ્યું છે, અને હાલ ભારતમાતા સરોવરમાં અંદાજે ૨૪.૫૦ કરોડ લીટર પાણીનો સંગ્રહ થયો છે. તેના કારણે આજુબાજુના ખેતરમાં આવેલા બોર તેમજ કૂવાના પાણીના સ્તરમાં વધારો થયો છે, જેના લીધે આસપાસના ગામોમાં પાણીની સગવડ થઈ છે, અને ગામના ખેડૂતોને સિંચાઈ માટે પરોક્ષ રીતે લાભ મળ્યો છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમરેલી ખાતે રૂપિયા ૨૮૧૧ કરોડના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા (ગઈઅઈ)ના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં રૂપિયા ૨૧૮૫ કરોડના ૪ વિકાસકાર્યોનું લોકાર્પણ અને રૂપિયા ૬૨૬ કરોડના એક વિકાસકાર્યનું ખાતમુહુર્ત કરવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અમરેલી જિલ્લાની મુલાકાતે પધારનાર છે. તેમની મુલાકાત દરમિયાન તેઓ લાઠી તાલુકાના સોલાર ગામ એવા દુધાળાની મુલાકાત કરશે. પ્રધાનમંત્રી દ્વારા વિવિધ વિકાસ કાર્યોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ થનાર છે. ગુજરાત રાજ્યને જળસંચય, રેલવે, માર્ગ સહિતની માળખાકીય સુવિધાઓની ભેટ મળશે. અમરેલી જિલ્લામાં લાઠી તાલુકાના દાતાઓ અને ઉદ્યોગપતિઓએ વતન પ્રત્યેનું ઋણ ચૂકવવા અને પ્રકૃતિ સંરક્ષણ અને પર્યાવરણ પ્રેમની ઝાંખી કરાવી છે. રાજ્ય સભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકીયાએ વ્યક્તિગત રીતે તેમના વતન દુધાળા ગામ ખાતે ઓગસ્ટ-૨૨થી સોલાર રૂફટોપ સુવિધાનું નિર્માણ કર્યુ છે. પ્રકૃતિ દોહનને બદલે પ્રકૃતિ સંરક્ષણ માટેના તેમના ભાવ અને વિચાર થકી સમગ્ર દુધાળા ગામમાં નિર્માણ પામેલી આ સુવિધા થકી ઈકો સિસ્ટમને ઘણો ફાયદો થશે. ધોળકીયા દ્વારા કરવામાં આવેલા આ કાર્ય થકી પર્યાવરણ અને પ્રકૃતિ સંરક્ષણ પ્રત્યેની આપણા સૌ કોઈની જવાબદારીનો સંદેશ પણ મળી રહ્યો છે.

## વડોદરામાં મોદી અને સ્પેનીસ વડાપ્રધાન સાંચેઝનો રોડ શોઃ C - ૨૯૫ વિમાન એસેમ્બલી લાઈનને ખુલ્લી મુકી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત અને લેટીન અમેરિકી દેશ સ્પેન વચ્ચે સહકારના એક નવા યુગના ઉદયમાં આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેદ્રો સાંચેઝએ બોઈંગ-સ્પેન દ્વારા ભારતના ટોચની કોર્પોરેટ ટાટા ગ્રુપ સાથે સંયુક્ત રીતે નિર્માણ કરાયેલા દેશના પ્રથમ સી-૨૯૫ લડાયક વિમાનના એસેમ્બલી પ્લાંટનું ઉત્પાદન કર્યુ હતું.

આમ ગુજરાત હવે દેશમાં એવીએશન ઉત્પાદનમાં પણ નમોડેલથ બની રહ્યું છે. ઓકટો ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી મોદીએ વડોદરામાં આ પ્લાંટનું ભૂમિપૂજન કર્યુ હતું અને ફકત ૨ વર્ષના રેકોર્ડ સમયમાં આ પ્લાંટ તૈયાર થયા છે અને અહીથી પ્રથમ વિમાન સપ્ટેમ્બર ૨૦૨૬માં બહાર આવશે.

આ પુર્વે ગઈકાલે ભારત પહોંચેલા સ્પેનના વડાપ્રધાનનું વડોદરા વિમાની મથકે ભવ્ય સ્વાગત કરાયુ હતું. આજે સવારે વડાપ્રધાન શ્રી મોદી દિલ્હીથી વડોદરા પહોંચ્યા હતા. બાદમાં બન્ને વડાપ્રધાનોએ ખુલ્લી જીપમાં વડોદરાના માર્ગો પર જબરો રોડ-શો કર્યો હતો. બન્ને વડાપ્રધાનને આવકારવા વડોદરાના એ રોડ-શો માર્ગો પર હજારો લોકો ઉમટયા હતા તથા મોદી-સાંચેઝના નારા લાગ્યા હતા. વિદેશી રાષ્ટ્રવડાનો આ રીતે વડોદરામાં પ્રથમ રોડ-શો યોજાયો છે. બન્ને નેતાઓ ખુલ્લી જીપમાં આપસમાં વાતચીત કરતા પણ નજરે ચડયા હતા. આ રોડ-શો એરપોર્ટ સર્કલથી ટાટા-ફેકટરી સુધી યોજાયો હતો. બન્ને તરફ ભારત-સ્પેનના રાષ્ટ્રધ્વજ ઉપરાંત વડોદરામાં જે નિર્માણ થનારા છે તે સી-૨૯૫ વિમાનની તસ્વીરો પણ પ્લેકાર્ડમાં રજુ થઈ હતી.




શ્રી મોદી અને શ્રી સાંચેઝ બાદમાં વડોદરાના ભવ્ય લક્ષ્મીવિલાપ પેલેસ ખાતે ભોજન લેશે અને બાદમાં શ્રી મોદી અમરેલી આવવા રવાના થશે અને શ્રી સાંચેઝ મુંબઈ જવા ઉડાન ભરશે. આત્મનિર્ભર ભારત-યોજના હેઠળ દેશમાં સંરક્ષણ ઉત્પાદનમાં પણ આત્મનિર્ભર બનવાના મોદી સરકારના આયોજનમાં આજે એક મહત્વની ઘડી આવી પહોંચી હતી. દેશના સર્વપ્રથમ અત્યંત આધુનિક સી-૨૯૫ વિમાનના ઉત્પાદન ભારતમાં થાય તે માટે વડોદરામાં બોઈંગ-સ્વીઝ અને ટાટા- એવીએશન દ્વારા સંયુક્ત રીતે સ્થાપવામાં આવેલા એસેમ્બલી લાઈનને આજે બન્ને દેશના રાષ્ટ્રવડાઓએ ખુલ્લી મુકી હતી.

## દિપોત્સવી પર્વ નિમિતે રામનગરી અયોધ્યા સોળે શણગાર સજશે

**મુખ્ય સમાચાર,અયોધ્યા**

દિપોત્સવી પર્વ નિમિતે રામનગરીને સજાવવાની તૈયારી શનિવારથી જ શરૂ થઈ ગઈ છે. અવધ યુનિવર્સીટીના ૭ હજાર વોલીયેટર્સ પહેલા દિવસે જ પાંચ લાખ દિવા ઘાટો પર સજાવી દીધા છે. રવિવારથી પૂરા ૩૦ હજાર વોલીયેન્ટર્સ ૫૫ ઘાટો પર ૨૮ લાખ દિવા સજાવવા માટે મોકલવામાં આવશે. દિવાને સજાવ્યા બાદ તેની સુરક્ષાની જવાબદારી ૩૦ ઓકટોબર સુધી નિભાવવાની જવાબદારી સુરક્ષા સમિતિને સોંપવામાં આવી છે. આ ઉપરાંત રામમંદિરે જતા માર્ગ પર ચાર ગેટ બનાવાશે. આ ગેટને સજાવવા માટે ૧૦ કિવન્ટલ ફૂલ મંગાવવામાં આવ્યા છે. યુનિવર્સીટીનાં દિપોત્સવ સમન્વયક ડો.સંતશરણમિશ્રે જણાવ્યુ હતું કે રવિવારે સરસવના તેલની ૬૮ હજાર બોટલો પર ઘાટો પર પહોંચાડવામાં આવશે.૨૮ ઓકટોબર સુધીમાં ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ સજાવાયેલા દિવાની ગણતરી કરશે. તેમાં ૨૫ લાખ દિવાને પ્રગટાવવાનો વિશ્વ રેકોર્ડ થશે.૩૦ ઓકટોબરે સવારથી સાંજ સુધીમાં દિવામાં તેલ અને વાટ નાખવાથી કામ પુરૂ કરી સાંજે ૨૮ લાખ દિવાને પ્રગટાવવામાં આવશે. અવધ યુનિવર્સીટીનાં વી.સી.પ્રો.પ્રતિભા ગોયલે સમિતિનાં સંયોજકો તેમજ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી. વીસીએ બધાને એક થઈને દિપોત્સવને સફળ બનાવવાનું કહ્યુ હતું. દિવાળીનુ પર્વ ૩૧ ઓકટોબરે ઉજવવુ કે ૧લી નવેમ્બરે તે વિશે અટકળો-વિવાદ ચાલી રહ્યો છે તેવા સમયે વિશ્વ હિન્દુ પરિષદે ૩૧ ઓકટોબરે તેની ઉજવણી કરવાનુ એલાન કર્યુ છે. વિશ્વ હિન્દુ પરિષદના પ્રવકતા શરદ શર્માએ જણાવ્યુ હતું કે અમાવસ્યાએ દિવાળી ઉજવાય છે. ૩૧ ઓકટોબરે બપોરથી



અમાવસ્યા બેસી જાય છે એટલે ૩૧ ઓકટોબરની રાત્રે જ દિવાળી ઉજવવાની રહેશે. ધાર્મિક-આધ્યામિક તથા ઉજવણીના કાર્યક્રમો ૩૧મીએ જ યોજાશે. અવધ યુનિવર્સીટીના વોલીયન્ટર્સ શનિવારે સવારે સફેદ ટીશર્ટ અને કેપ લગાવીને બસોથી રામ કી પેડી રવાના થયા હતા અને જયશ્રીરામનો ઉદઘોષ કર્યો હતો. મીડીયા પ્રભારી વિજેન્દુ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે આઈકાર્ડ વિના ઘાટ પર કોઈને પ્રવેશ નહીં મળે. લતા ચોકની પાછળ કેનવાસ પર એક પુષ્પક વિમાન બનાવવામાં આવી રહ્યું છે. તેને બનાવી રહેલી કંપનીના સાબિના જેટલીએ જણાવ્યું હતું કે પુષ્પક વિમાન એક સેલ્ફી પોઈન્ટ પણ રહેશે. રામ કી પેડી પર રામનો દરબાર બનાવાશે જેમાં ભગવાનનું સ્વરૂપ બેસશે.

## ઈઝરાયેલનાં ભીષણ હુમલા બાદ ઈરાન વળતો પ્રહાર કરવાની તૈયારીમા

### બ્રિટિશ ગુપ્તચર રિપોર્ટમાં ધડાકોઃ અમેરિકા - યુરોપિયન દેશોને પણ નિશાન બનાવશેઃ સ્લીપર સેલે સક્રિય કર્યાનો નિર્દેશ

**મુખ્ય સમાચાર,તહેરાન**

મધ્યપૂર્વમાં કેટલાંક દિવસોથી ચાલી રહેલા સામસામા પ્રહાર ભયાનક મહાયુદ્ધ નોતરશે તેવા ભણકારા વાગી રહ્યા છે. ઈરાન પર ઈઝરાયેલનાં ભીષણ હુમલા બાદ ઈરાન વળતો પ્રહાર કરવાની તૈયારીમાં છે. માત્ર ઈઝરાયેલ જ નહિં અમેરીકા-યુરોપીયન દેશોને પણ નિશાન બનાવશે તેવો ઘટસ્ફોટ બ્રિટીશ ગુપ્તચર વિભાગે કર્યો છે.

ઈરાન માત્ર મિસાઈલથી ઈઝરાયલ પર હુમલો નહીં કરે પરંતુ ઈઝરાયલની બહાર પોતાના ટાર્ગેટને પણ બ્લાસ્ટ કરી શકે છે. ઈરાને ઈઝરાયલની સાથે અમેરિકાને પણ નુકસાન પહોંચાડવાનો પ્લાન તૈયાર કર્યો છે. ઈરાન ઈઝરાયલ પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કરી શકે છે. અમેરિકા અને યુરોપમાં ઈઝરાયલની દૂતાવાસો જોખમમાં છે. અરેબિયામાં અમેરિકન મિલિટરી બેઝ પર પણ હુમલો કરી શકે છે.

ઈરાન ઈઝરાયેલ અને અમેરિકા સામે એક સાથે ત્રણ મોરચા ખોલવા જઈ રહ્યું છે. ઈરાનના સ્લીપર સેલ અને આત્મઘાતી બોમ્બર અમેરિકા અને યુરોપમાં હુમલા કરશે. ઈરાને ઘણાં દેશોમાં હાજર તેના સ્લીપર સેલને સક્રિય કરી દીધા છે.

આત્મઘાતી બોમ્બરોને પણ તૈનાત કરવામાં આવ્યા છે. ઈઝરાયલની અંદર



આત્મઘાતી બોમ્બરોને વીવીઆઈપી લોકોને મારવાનું કામ સોંપવામાં આવ્યું છે, જ્યારે ઈઝરાયલની બહારના સ્લીપર સેલને ઈઝરાયેલની એમ્બેસીને ઉડાડવાની જવાબદારી આપવામાં આવી છે.

બ્રિટિશ ઈન્ટેલિજન્સ એજન્સીના અહેવાલની પુષ્ટિ તે સમયે કરવામાં આવી હતી, જ્યારે તેલ અવીવમાં આત્મઘાતી હુમલા શરૂ થયા હતા. ઈઝરાયલની સેનાએ ઈરાનમાં જોરદાર હવાઈ હુમલા કર્યા હતા. ઈરાનના આત્મઘાતી હુમલા ઈઝરાયલમાં શરૂ થયા. તેલ અવીવમાં એક ટ્રક ડ્રાઈવરે ઈઝરાયલી સૈનિકોને તેની ટ્રકથી કચડીને મારવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટના તેલ અવીવમાં ગ્લીલોટ મિલિટરી બેઝ નજીક બની હતી. એવી આશંકા છે કે ઈરાની આત્મઘાતી બોમ્બરે બેઝ પાસે હાજર સૈનિકો પર ટ્રક ઘુસાડી દીધી હતી. આ હુમલામાં લગભગ ૧૦ જવાનો શહીદ થયા હતા. જ્યારે ૫૦થી વધુ જવાનો ઘાયલ થયા છે. ઘણાં સૈનિકોની હાલત નાજુક છે, તેથી મૃત્યુઆંક વધી શકે છે.

## કાશ્મીરમાં આતંકવાદીઓએ આજે ફરી ત્રાટકીને સૈન્યના વાહનને નિશાન બનાવ્યુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કાશ્મીરમાંથી નવી સરકારના ગઠન પછી પ્રવર્તમાન દિવાળીના તહેવારોમાં પણ ત્રાસવાદી હુમલાનો સિલસિલો જારી રહ્યો હોય તેમ આતંકવાદીઓએ આજે ફરી ત્રાટકીને સૈન્ય વાહનને નિશાન બનાવ્યુ હતું. સૈન્ય વાહન પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. ત્રાસવાદીઓને ઝડપવા સમગ્ર વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. સૈન્ય સુત્રોએ જણાવ્યું હતું કે આજે વહેલી સવારે સાત વાગ્યાના અરસામાં ત્રાટકેલા ત્રણ આતંકવાદીઓએ અખનુરનાં શિવમંદિર પાસે બટુલ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા સૈન્ય વાહનોને નિશાન બનાવીને અંધાધુંધ ગોળીબાર કર્યો હતો અને



ત્યારબાદ તેઓ આસપાસના જંગલ વિસ્તારમાં ફરાર થઈ ગયા હતા. ત્રાસવાદી હુમલાનાં આ બનાવમાં કોઈ જાનખુવારી થઈ ન હતી. સૈન્યની ૩૨ ફીલ્ડ રેજીમેન્ટનાં જવાનો તથા કાશ્મીર પોલીસ દ્વારા સંયુકત રીતે સમગ્ર વિસ્તારમાં મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. કાશ્મીરમાં કેટલાંક દિવસોથી ત્રાસવાદી હુમલામાં વધારો થયો છે. બાંધકામ કેમ્પ પર તબીબ સહીત સાત લોકોની હત્યા ઉપરાંત અથડામણમાં ચાર જવાન પણ શહીદ થયા હતા.આ સિવાય પણ કેટલાંક બનાવો બન્યા હતા.

## રેસકોર્ષ રિંગરોડ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યો










(તસ્વીરઃ આનંદ જાવિયા)

રોશનીના પર્વને શહેરીજનો માણી શકે તેવા હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સ રિંગરોડ ફરતે રોશની અને ડેકોરેશન કરી દિવાળી કાર્નિવલ ઉજવવામાં આવી રહ્યો છે. આ કાર્નિવલને રવિવારે ખુલ્લો મુકાયો હતો. આ કાર્નિવલ અંતર્ગત કરાયેલી રોશનથી રેસકોર્સ રિંગરોડ જાણે કેડબરીની કુલ્ફી હોય તેવો ભાસી રહ્યો છે. રોશનીનો ઝગમગાટ માણવા રવિવારે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. આગામી શુક્રવાર સુધી રેસરોર્સ રિંગરોડ પર રંગોળી સહિતના અનેક કાર્યક્રમો યોજાવાના છે. આ વખતે સુશોભન વાળા ગેટ ઉપરાંત સાઈડમાં પણ લોકો જોઈને અચંબિત થઈ જાય તેવી રોશનીથી શણગાર કરાયો છે. દિવાળી ઉત્સવ અંતર્ગત તા.૨૯ના રેસકોર્સ રિંગરોડ પર રંગોળી સ્પર્ધા યોજાશે. આ રંગોળી નિહાળવા જાહેર જનતા માટે તા.૩૦ અને ૩૧ એમ બે દિવસ ખુલ્લી મુકવામાં આવશે. આ સ્પર્ધામાં શ્રેષ્ઠ રંગોળી બનાવનારને ઈનામો પણ આપવામાં આવશે. આ ઉપરાંત ધનતેરસે રેસકોર્સના માધવરાય સિંધીયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં આતશબાજીનો ભવ્ય કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. લોકો રોશની અને સુશોભનનો નજારો જોવા રાત્રિના સમયે નીકળે અને પરિવાર સાથે ફોટોગ્રાફી કરી શકે તેમજ સેલ્ફી લઈ શકે તે માટે અલગ-અલગ સ્થળે આકર્ષણ જગાવે તેવા સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા છે

